# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/095 Dt. 12/08/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ, કેબિનેટ મિનિસ્ટર્સ અને ટોપ સેક્રેટરીએટ્સ સાથેનું પ્રતિનિધિ મંડળ બે દિવસ સુરત પધારશે

## ચેમ્બર દ્વારા તા. ૨૩ ઓગષ્ટના રોજ સરસાણા સ્થિત પ્લેટિનમ હોલમાં ધંધાકીય તકો, ટુરિઝમ અને વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોમાં જોડાણ વધારવા 'ચલો ઝિમ્બાબ્વે' કાર્યક્રમ યોજાશે

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના આમંત્રણને માન આપી ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ Honourable General (Retd.) Dr. C.G.D.N. Chiwenga 'GCZM', ઝીમ્બાબ્વેના કેબિનેટ મિનિસ્ટર્સ અને ટોપ સેક્રેટરીએટ્સ સાથેનું પ્રતિનિધિ મંડળ તા. ૨૨ અને ૨૩ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન સુરતની મુલાકાતે પધારશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ સહિતનું ડેલીગેશન બે દિવસ દરમ્યાન સુરત ખાતે જુદા જુદા ક્ષેત્રોના ઉદ્યોગકારો તથા આગેવાનો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો કરશે. ખાસ કરીને એગ્રીકલ્ચર (એપીએમસી), દુધ ઉત્પાદન (સુમુલ), હીરા ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, માઇનીંગ સેકટર, શિક્ષણ ક્ષેત્ર અને એનર્જી સેકટર (સોલાર) તથા વિવિધ ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનોના હોદ્દેદારો સાથે મિટીંગો કરશે.

તા. ૨૨ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ સહિતનું ડેલીગેશન એપીએમસી, ટેક્ષ્ટાઇલ ફેકટરી અને સુમુલ ડેરીની વિઝીટ કરશે. બીજા દિવસે તા. ૨૩ ઓગષ્ટના રોજ એજ્યુકેશન, ડાયમંડ અને સોલાર ઇન્ડસ્ટ્રીની મુલાકાત લેશે.

આ ઉપરાંત તા. ૨૩ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ધંધાકીય તકોના આદાન – પ્રદાન અને ટુરિઝમ ક્ષેત્રે જોડાણની તકો સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ચલો ઝિમ્બાબ્વે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ સુરતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ અને પ્રોફેશનલ્સની સાથે સીધો સંવાદ સાધશે. આ કાર્યક્રમ સુરતના વેપાર – ઉદ્યોગ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે એક્ષ્પોર્ટ તેમજ વ્યવસાયની વધુ તકોનો લાભ લેવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે, જેમાં સુરતના ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ તેમજ વિવિધ ક્ષેત્રોના આગેવાનોને પધારવા માટે અનુરોધ છે.